**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૭૮ ટકા

# જય અંબે પરિવારની અંબાજીની પદયાત્રાનું પ્રસ્થાન

ગાંધીનગર, તા. ૨૭

શ્રી જય અંબો પરિવાર-ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક,શૈક્ષણિક અને રચનાત્મક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રતિ વર્ષે ભાદરવા માસમાં ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું જગતજનની મા જગદંબાની કૃપાદૃષ્ટી અને પદયાત્રીઓના અનેરા ઉમંગના સથવારે આયોજન કરવામાં આવે છે. આમ આ વર્ષે પણ ભાદરવા સુદ-૬ને રવિવાર, તા. ૨૭-૮-૧૭ના રોજ સવારના ૮.૩૦ કલાકના શુભ મુહૂર્તે માતાજીના રથમાં બિરાજમાન કરીને તેમજ મા જગદંબાની પવિત્ર ધજાનું પૂજન-અર્ચન કરી, સે. ૧૩-બીના શક્તિચોકમાંથી માતાજીના નિશાન-ધજા તથા સુંદર કલાત્મક રથ સાથે ૨૫૦થી વધુ પદયાત્રી ભાઈ-બહેનો અને તેમનો શુભેચ્છાઓ પાઠવવા તથા દર્શનાર્થે પધારેલ ધર્મપ્રેમી જનતાના 'બોલ માડી અંબે... જય જય અંબે'ના જય ઘોષ સાથે સતત ૨૯મી પદયાત્રાની મા જગદંબાની શાહી સવારીનો પ્રારંભ થયો. આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી તથા સોમનાથ ટ્રસ્ટના ચેરમેન કેશુભાઈ પટેલે આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી પદયાત્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ પ્રતિ વર્ષની પરંપરા જાળવીને નગરના અગ્રણી અને ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ પણ મા જગદંબાના દર્શન કરીને સૌને શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે સૌ ભક્તોને સ્વાઈન ફ્લુ સામે રોગ પ્રતિકારક શક્તિ વધારે તે માટે આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.





સેક્ટર-૧૩માંથી પ્રસ્થાન થયેલ આ પદયાત્રા સંઘ ખ-રોડ, ખ-૭ થઈ ક-૭ પર કાન્તિભાઈ આર. પટેલના સેવાકેન્દ્ર ખાતે પહોંચશે. ત્યાંથી પટેલ પાર્લર પરિવારના ધરતી ફાર્મ રાંધેજા ખાતે ભોજન પ્રસાદ ગ્રહણ કરી બપોરનો વિસામો કરશે. વિરામ બાદ સાંજના ચાર કલાકે પદયાત્રીઓ અંબાજીના માર્ગે આગળ વધશે. અંબાજીમાં અગિયારસના દિવસે ધૂન-કિર્તન સાથે વાજતે-ગાજતે માતાજીના મંદિરે પવિત્ર ધજા અર્પણ કરી શિખરે લહેરાવશે. પદયાત્રીઓ ઉજાળીનો આનંદ માણીને તા. ૨-૯-૧૭ના રોજ સ્વગૃહે પરત ફરશે. અલબત્ત આ સંઘ રસ્તામાં વાસન મહાદેવ, દેવીપુરા, ઉમતા, શાહુપુરા તથા દાંતા મુકામે રાત્રી રોકાણ કરશે અને ગોજારીયા, વિસનગર, ડભોડા, નવાવાસ મુકામે બપોરનો વિશ્રામ કરશે. સમગ્ર પદયાત્રા દરમિયાન મોખરે મોતાજીની ધજા અને છેલ્લે રથ રહે છે. વધુમાં બીડી, તમાકુ, ગુટખા, દારૂ, જુગાર જેવા વ્યસનો અને અસભ્ય કપડાં નિષેધ હોય છે.

શ્રી જય અંબો પરિવાર ગાંધીનગર, અંબાજીની પદયાત્રાની સાથે સાથે માતાજીના પ્રાગટ્ય દિન પોષી પૂનમના રોજ શતકભોગ અન્નકૂટ મહોત્સવ, ઉપરાંત પ્રતિ માસની પૂનમ કે અન્ય શુભ પ્રસંગોએ જગદંબા ભક્તિ વંદના સમૂહ સ્વાધ્યાય, નવાર્ણ મંત્ર લેખન, યજ્ઞ, સુંદરકાંડ, બહુચરમાના આનંદના ગરબા જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ રક્તદાન શિબિર, વ્યસન મુક્તિ, અભિયાન, સાંસ્કૃતિક કાર્યક્રમો, તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ જેવી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરે છે. આ સઘળા કાર્યક્રમોમાં જય અંબે પરિવારના પ્રમુખ લલિત પટેલ ઉત્સાહપૂર્ણ રીતે કરે છે. આજે સભામંડપની બાજુમાં સ્વાઈન ફ્લુના પગલે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કર્યું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**કરિશ્મા પાટડીયા**
**ડાન્સર, એક્ટર**

**ગાંધીનગર ગમે**

સુવ્યવસ્થિત, શાંત, હરિયાળું, નયનરમ્ય અને સગવડો તથા મોકળાશવાળું નગર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંના નગરજનો સ્નેહાળ, પ્રેમાળ અને સાહિત્ય, કલાના પ્રેમીઓ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જલારામ સેવા સમાજ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, લાયન્સ-રોટરી ક્લબ, કિપ સ્માઈલિંગ ગ્રૃપ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને ટ્રાફિક નિયમન બાબતે ઠોસ કદમ ઊઠાવવાની જરૂરિયાત મહેસૂસ કરી રહી છું.

**નગર માટે હું કરી શકું**

કલાપ્રસાર, સંવર્ધન માટે મારી સર્વ પ્રકારની સહાય શહેરને આપવા હું તૈયાર છું.

# ફ્લેટને તાળુ મારીને પરીવાર અમદાવાદ ગયુ ને તસ્કરો ત્રાટક્યા

## સરગાસણ સંતુર ફ્લેટમાં ત્રાટકેલા તસ્કરો મકાનમાંથી દાગીના સહિત ૧.૭૦ લાખની મત્તા ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે આવેલા સંતુર ફ્લેટમાં રહેતુ એક પરીવાર ગઈ રાત્રે અમદાવાદ ગયુ અને સવારે પરત ફર્યુ ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન તસ્કરો તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવી ગયા હતા. મકાનનું તાળુ તોડી તસ્કરો અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૭૦ લાખની મત્તાનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે ઘરફોડ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સરગાસણ ચોકડી પાસે આવેલા સંતુર ફ્લેટના મકાન નં. એફ-૨૦૩માં રહેતા તેજસભાઈ દિપકભાઈ ચુડાસમા ગઈકાલે રાત્રે પરિવાર સાથે અમદાવાદ ગયા હતા. મકાનને તાળુ મારીને રાત્રે એક વાગ્યે બહાર ગયેલા તેજસભાઈ સવારે સાત વાગ્યે પરત ઘરે આવ્યા અને જોયુ તો દરવાજો ખુલ્લો હતો અને અંદર સામાન વેરવિખેર પડ્યો હતો. રાત્રી દરમ્યાન તેમના બંધ ફ્લેટમાં તસ્કરો કલા કરી ગયા હતા. મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૭૦ લાખની મત્તાનો સામાન ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. તેજસભાઈની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી ઊંડી તપાસ શરૂ કરી છે.

# આજે 'સ્મરણ વંદના' પુસ્તક પર વક્તવ્ય યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે તુષાર પરમાર લિખિત 'દલિત આંદોલન અને સમાજવાદ' પુસ્તક વિશે જાણીતા કવિ પ્રવીણ ગઢવીનું વક્તવ્ય અને નટુભાઈ પરમાર લિખિત 'સ્મરણ વંદના' પુસ્તક વિશે જાણીતા કવિ રમણ વાઘેલાનું વક્તવ્ય તા. ૨૮-૮-૧૭ને સોમવારના રોજ ડૉ. આંબેડકર ભવન, સે. ૧૨ ખાતે સાંજના ૬ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં સામેલ થવા જાહેર જનતાને અનુરોધ કરાયો છે.



## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ગણેશોત્સવની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં આ માસમાં ચાલતા વિઘ્ન વિનાયક દેવ શ્રી ગણેશજીની જન્મ જયંતિ શ્રી ગણેશ ચતુર્થીની ઉજવણી સંદર્ભમાં શાળાની વિદ્યાર્થિની બહેનો પર્યાવરણનું મહત્વ તથા તેની જાળવણી કેવી રીતે કરવી તે સમજી શકે તેવા હેતુસર ધો. ૮ ની ૨૫ વિદ્યાર્થિની બહેનોએ શાળામાં ઈકો ફ્રેન્ડલી ગણેશજીની આબેહૂબ મૂર્તિ તૈયાર કરી તેનું શાળામાં સ્થાપન કરેલ, આજરોજ આ ગણેશજીની મૂર્તિઓનું આરતી પૂજન શાળાના આચાર્યાશ્રી નીરૂબેન જે. પટેલ તથા આર.એન. પ્રાથમિક શાળાના આચાર્યા દશરથભાઈ પટેલ, શાળાના શિક્ષક મિત્રો તથા શાળાની વિદ્યાર્થિની હાજરીમાં કરી સમગ્ર કેમ્પસમાં ગણેશજીને વાજતે ગાજતે વરઘોડા સ્વરૂપે દાદાને ફેરવી આશીર્વાદ પ્રાપ્ત કરી વિસર્જન કરેલ અને વિસર્જિત માટી યુક્ત પાણીનો ઉપયોગ કરી એક નાના વૃક્ષનું વાવેતર કરી અંતમાં શાળા તરફથી તમામ વિદ્યાર્થિની બહેનોને પ્રસાદીનું વિતરણ કરેલ.

## વાતવાતમાં

- શનિવારે સાંજે પડેલા વરસાદી ઝાપટાંને પગલે શહેરના માર્ગ નં. ૨ પર ઘ-૨થી ગ-૨ વચ્ચેના રોડ પર એક વૃક્ષ ધરાશાયી થવા પામ્યું હતું. આ વૃક્ષ મુખ્ય માર્ગ પર જ આડુ પડી જતા વાહનચાલકો માટે અવરોધરૂપ બન્યું હતું. સદ્ભાગ્યે કોઈ અકસ્માત સર્જાયો નહોતો.
- શહેરના સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે રાજ્યના મહિલા અને બાળ આયોગ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું છે. આ વર્કશોપમાં 'રાઈટ ટુ એજ્યુકેશન' સહિત વિવિધ વિષયોને આવરી લેવાયાં છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલના નિવાસ સ્થાને ગણેશ સ્થાપન કરવામાં આવ્યું છે. સતત ત્રીજા વર્ષે તેમણે તેડાવેલા ગણેશજીના દર્શને શહેરના અગ્રણીઓ પધારી રહ્યાં છે.

## @ગાંધીનગર

- સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા આયોજિત ગણેશોત્સવમાં બપોરે ૧.૩૦ કલાકે જ્યોતિ મહિલાના ઉપક્રમે હળદીકંકુ સ્પર્ધાઓ, ભજન, આરતી, સુશોભન, ફુલદાની સુશોભન સ્પર્ધા યોજાશે. રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાત રાજ્ય માહિતી વિભાગના સૌજન્યથી મેલોડી મેકર્સ મ્યુઝિકલ ગૃપ દ્વારા ગીત સંગીત કાર્યક્રમ યોજાશે.
- સે-૫ સાર્વજનિક ગણેશ ચતુર્થી મહોત્સવ અને જય ગોગા મિત્ર મંડળ દ્વારા શોપીંગ સેન્ટર ખાતે બપોરે ૧ કલાકે આનંદનો ગરબો અને રાત્રે ૮.૩૦ કલાકે (તમારી દુનિયા) નાટક ભજવાશે.
- સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજિત ગણેશ મહોત્સવમાં ૮.૩૦ કલાકે અરવિંદ શુક્લા, અતુલ મહિડા, દિવેશ દરજી અને અન્ય હાસ્ય કલાકારો દ્વારા કોમેડી નાટક યોજાશે.
- સેક્ટર-૩/ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં રાત્રે ૮ કલાકે જાણીતા હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળા દ્વારા હાસ્ય દરબા યોજાશે.
- શ્રી વિનાયક યુવક મંડળ સેક્ટર-૫/બી દ્વારા ગણેશ મહોત્સવમાં રાત્રે ૯ કલાકે ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સ્લો સાયકલ અને ચેસ તેમજ રાસ ગરબા કાર્યક્રમ યોજાશે.
- યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવમાં બપોરે ૩ થી ૫ કલાકે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાશે. રાત્રે ૮ કલાકે ૧૦૮ દિવાની મહાઆરતી, નાના ભૂલકાંઓ દ્વારા વેશભૂષા કાર્યક્રમ યોજાશે.
- સે-૫ પ્રેરણા વિદ્યાલય ખાતે સ્વાઈન ફ્લુ સામે રક્ષણ મેળવવા આયુર્વેદિક ઉકાળાનું સવારે ૮.૩૦ થી ૯.૩૦ કલાકે વિતરણ કરાશે. બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ, સે-૫ના દરેક વસાહતી મિત્રોને લાભ લેવા જણાવ્યું છે.
- જય અંબે પગપાળા યાત્રા સંઘ સરગાસણ, સવારે પૂજા અર્ચના કર્યા બાદ અંબાજી જવા માટે સંઘ પ્રસ્થાન કરશે.

# અવાજને ઘોંઘાટ બનતો અટકાવીએ, જીવન સંગીતમય બનાવીએ

## બાઈકની ઘરઘરાટી કે બિન જરૂરી હોર્ન વગાડવાની આદત, ફટાકડાંના ધમાકા કે સ્પીકર્સનો વધુ પડતો અવાજ માત્ર અને માત્ર ઘોંઘાટ સર્જે છે : ઘોંઘાટથી માનસિક તણાવ અને બહેરાશ વધે, ભક્તિ નહીં..!!

**લાગ્યું એવું લખ્યું**
**સમીર રામી**



એક પરિવાર વેકેશનમાં હિલસ્ટેશને ફરીને આવ્યું પછી તેના સભ્યો પોતાના મિત્રો, વડોશીઓ અને સગાસંબંધીઓમાં તે સ્થળના ખૂબજ વખાણ કરતા હતા. આ વખાણમાં વારંવાર એક વાત સતત રિપીટ થયા કરતી હતી જે હતી 'ત્યાં એટલી શાંતિ હતી કે વાત જ ના પૂછો, શાંત વાતાવરણને કારણે મનને ખૂબ શાંતિ મળી વગેરે વગેરે..'' અનેકવાર આપણને એવું અનુભવાય છે કે થોડા દિવસ માટે ક્યાંક જતા રહીયે જ્યાં શાંતિ હોય, વારંવાર વડીલો ઘરના યુવાનોને સલાહ આપતા હોય છે કે 'સવારે વહેલા ઉઠીને ચાલવા જાઓ તો ખબર પડે વાતાવરણ કેટલું શાંત અને સુંદર હોય છે જેનાથી શરીરને તાજગી મળશે.' એક તરફ આપણને સુમધુર અવાજે ગવાયેલ ગીત કે સંગીત કર્ણપ્રિય લાગે છે ને બીજી તરફ આપણે શાંત વાતાવરણ શોધતા ફરીએ છીએ. આ વિરોધાભાસનું મુખ્ય કારણ છે અવાજ અને ઘોંઘાટ વચ્ચેનો તફાવત. અવાજ એ ઈશ્વરનું વરદાન છે પરંતુ ઘોંઘાટ એ એક પ્રકારનું પ્રદૂષણ છે.



અવાજ જ્યાં સુધી માનવીની જરૂરિયાત અને પસંદગીના ધોરણો મુજબ હોય ત્યાં સુધી એ અવાજ છે પરંતુ જ્યારે તે અણગમતો અથવા જરૂરિયાત કરતા વધી જાય ત્યારે તે ઘોંઘાટ બને છે, અને ઘોંઘાટના કારણે બહેરાશ આવવાથી માંડીને અનેક પ્રકારની સમસ્યાઓ ઉદ્ભવે છે. વધુ પડતા અવાજને કારણે માનવીનો સ્વભાવ ચિડીયો બને છે, ગુસ્સામાં વધારો થાય છે. ઘોંઘાટના કારણે મગજની નસો ખેંચાય, બ્લડપ્રેશરમાં વધારો અને માનસિક તણાવ વધવા સહિતની તકલીફો થાય છે તેવુ તબીબોનું માનવું છે. આજના સમાજમાં બહેરાશની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે અને ધીમે ધીમે મંદ પડતી શ્રવણશક્તિ વધતી ઉમંરે બહેરાશને જલ્દી આમંત્રે છે. ડીજે સાઉન્ડ કે સાઈલેન્સર વગરની મોટરસાઈકલના કર્કશ અવાજ જેવા ઘોંઘાટને પગલે કાનમાં રહેલા શ્રવણશક્તિના કોષોને નુકસાન થાય અથવા કાનના પડદા તુટી જાય તેવી શક્યતા રહેલી હોય છે.

અવાજને માપવા માટે ડેસીબલનો ઉપયોગ થાય છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ શહેરોમાં સુરક્ષિત અવાજનું પ્રમાણ ૪૫ ડેસીબલ સૂચવ્યું છે. નિષ્ણાંતોના મંતવ્ય અનુસાર ૯૦ ડેસીબલ્સથી વધુ અવાજ સતત સાંભળવાથી શ્રવણશક્તિ કાયમી ગુમાવવી પડી શકે છે. વળી, દિવસે અને રાત્રે અવાજની માત્રામાં તફાવત હોય છે. સામાન્ય રીતે ઘોંઘાટના કારણોમાં મુખ્ય ફાળો ટ્રાફિકના અવાજનો જોવા મળે છે. ત્યારબાદ જાહેર કાર્યક્રમો, ઉદ્યોગો, ઉપકરણો વગેરેનો સમાવેશ થાય છે. તમે રેલવે ફાટક બંધ હોયને લાઈનમાં થોભ્યાં હોય ત્યારે તમારી બાજુમાં એવો બાઈક સવાર આવી જ્યાં જેણે માત્ર અને માત્ર મોટરસાઈકલની ઘરઘરાટી વધારવા સાઈલેન્સરને કપાવી નાંખ્યુ હોય ત્યારે તેના ઘોંઘાટથી તમને તેના પ્રત્યે આકર્ષણ નહી પરંતુ માત્ર અને માત્ર ત્રાસ અને અણગમો જ થશે તે સ્વાભાવિક છે. માત્ર શોખ જ નહી પરંતુ અનેક વાહનચાલકોને કોઈપણ દોષીતા કારણ વગર હોર્ન વગાડવાની જાણે આદત પડી ગઈ હોય છે પરંતુ તેમની આ આદત તેમના પોતાના તથા અન્યો માટે કેટલી નુકસાનકારક છે તેની જરા જેટલી પણ તેમને જાણ હોતી નથી.



મોટે ભાગે ટ્રાફિકના નિયમોનું યોગ્ય રીતે પાલન થતુ ના હોવાને કારણે બિનજરૂરી રીતે હોર્ન વગાડવુ પડે છે, વળી, એમાં વાહનોમાં લગાડાયેલા ફેન્સી હોર્ન તો એટલા ત્રાસદાયક હોય છે કે તમારી બાજુમાં આવીને વગાડે તો તમને અકસ્માત થવાનો ભય રહે અને જો અકસ્માત ના થાય તો તમારા મગજમાં એટલો તણાવ ઉભો કરી દે કે તમારો આખો દિવસ બગડે. આમં છતાં આ પ્રકારના હોર્ન કે વધુ પડતા અવાજ ધરાવતા વાહનો પ્રત્યે સરકારી તંત્રની બેદરકારી અવાજના પ્રદૂષણને વધારવા જવાબદાર છે.

ઘોંઘાટનું બીજુ મુખ્ય ઉદ્ભવસ્થાન છે આપણા જાહેર જીવનને લગતા કાર્યક્રમો જેમાં મુખ્યત્વે ધાર્મિક, રાજકીય અને સામાજિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. એમાં પણ ડીજે સાઉન્ડ સીસ્ટમની એન્ટ્રી થયા પછી પરિસ્થિતિ ખૂબ જ વણસી છે. તહેવારોમાં ભક્તિના નામે જાણે અવાજની હરિફાઈ થાય છે અને ઘણી જગ્યાએ તો એક જ સોસાયટીમાં બે આયોજકો એક બીજાનો અવાજ દબાવવા પોતે એટલો ઘોંઘાટ પેદા કરે છે કે ખુદ ઈશ્વરને પણ ત્યાં ઉભા રહેવુ આકરૂ પડી જાય. ઉત્તરાયણમાં તો આજુબાજુના ધાબાઓ પર પતંગની સાથે સાઉન્ડનું પણ યુદ્ધ જામે છે અને દિવાળીમાં કોના ફટાકડા વધુ અવાજ કરે છે તેના આધારે દિવાળી કેવી ઉજવી તે નક્કી થાય તેવી કંગાળ માનસિકતા ઘર કરી જવા પામી છે. પોતાના ઘરે કથા કે હવન હોય પરંતુ તેમાં પણ સ્પીકર્સ લગાડી આખો દિવસ જેને કોઈ લેવાદેવા નથી તેમને આ અવાજથી પરેશાન થવા ફરજ પડાય છે. અને ધાર્મિક બાબત હોવાથી તેનો વિરોધ કરે તો 'અધર્મી' સુદ્ધાં ઠરાવી દેવાય છે. ખરા બપોરના સમયે ઘરમાં ભજન-કિર્તન કે આનંદનો ગરબો કરતા મંડળો પણ હવે તો અન્યની પરેશાનીના ભોગે સાઉન્ડ સીસ્ટમ વાપરતા થઈ ગયાં છે. જાણે જેટલો અવાજ વધુ આવશે એટલુ ભગવાન જલ્દી સાંભળશે તેવી ખાત્રી મળી હોય. નવરાત્રી હોય કે ગણેશોત્સવ મોડી



રાત્રિ સુધી વધુ પડતા મોટે અવાજે વગાડાતા સ્પીકર્સ માત્ર વિદ્યાર્થીઓ જ નહી પરંતુ મોટી ઉંમરના વૃદ્ધો માટે ભારે હાનિકારક નિવડે છે. અને આ વાત માત્ર હિન્દુ ધર્મ પુરતી મર્યાદિત નથી. ભારતના મોટાભાગના ધાર્મિક કાર્યક્રમો પછી તે ગમે તે ધર્મના હોય દરેકમાં જાણે ઘોંઘાટની માનસિકતા ઘર કરી ગઈ છે, એટલે જ કદાચ લતા મંગેશકર કે સોનુ નિગમ જેવા અવાજના સાધકોને પણ અણગમતી ફરિયાદ વ્યક્ત કરવાની ફરજ પડી રહી છે.

માત્ર જાહેર કાર્યક્રમો જ નહી પરંતુ કાનમાં ઈયર ફોન ભરાવીને વધુ પડતા અવાજે સંગીત સાંભળતા શોખીનોએ જેમાં ખાસ કરીને બાળકો-યુવાનોએ ચેતવાની જરૂર છે. કારણ કે તેનાથી તેમની સાંભળવાની શક્તિને કાયમી નુકસાન થઈ શકે છે. ઘરમાં થતા સતત ઘોંઘાટને કારણે પરિવારમાં સંબંધો પર અસર પડે છે માટે ટીવી કે મ્યુઝિક પ્લેયરનો અવાજ નિયંત્રિત કરવો અત્યંત આવશ્યક છે. જો આપણે અવાજને ઘોંઘાટ બનતો અટકાવવાની ટેવ પાડીશું તો માત્ર આપણા ઉત્સવો જ નહી પરંતુ આપણુ સમગ્ર જીવન સુમધુર સંગીતસમુ બનશે તે વાતમાં બે મત નથી.

-પ્રતિભાવો આવકાર્ય

Samirtalod@ yahoo.com